શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૩૪ ● સળંગ અંક : ૮૫ ● તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir,
Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# જખૌ ગામવાસીઓનું સંમેલન ૧૯ જાન્યુ.૨૦૨૦એ સફળતાપૂર્વક સંપન્ન

દરેક ફૂલો જેમ સુગંધ આપતા નથી હોતા
કાંટાય બધા કાંઈ વાગતા નથી હોતા
તોય મૂકવો પડે છે વિશ્વાસ આપણા સમજીને
માણસો હોય છે એવા લાગતા નથી હોતા

- અજ્ઞાત




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# સારા કામને આડે ન આવવું એ મોટું યોગદાન છે

દેશમાં શાસક પક્ષ સામે સબળ વિરોધ પક્ષ હોવું જરૂરી હોવાનું નાગરીક શાસ્ત્ર ન તજજ્ઞો જરૂરી માને છે. આનાથી શાસક સરમુખ્યાતર બનતા અટકે છે. પોતાની મનમાની ચલાવી, બહુમતીના બળે પોતાની ફેવરના, પોતાને મન ગમતા કાયદાકીય ફેરફાર કરતાં અટકે છે. વિરોધ પક્ષોની પાછળ પ્રજાનો અવાજ, આંકાક્ષા અને પ્રજાનો સબળ ટેકો હોય તો શાસક પક્ષ સીધોને સરળ ચાલે છે. દરેક વાતમાં, દેશલક્ષી કાયદાઓનો વિરોધ કરવો. આ પ્રથાથી પ્રજાની નજરમાં વિપક્ષ નીચો ઉતરી જાય છે. વિરોધ કરવો, અણગમતા કાયદાનો પ્રતિકાર કરી તેના પર પોતાનું મંતવ્ય વ્યક્ત કરવું જરૂરી છે. પણ, વાંધો વિરોધ દેશને માટે સાંધો કે સેતુ બને એવો હવો જોઈએ નહીં કે દેશને પાછળ લઈ જાય એવો.

આવું જ વ્યવહારમાં, પરિવાર કે જ્ઞાતિ સમાજમાં નડતાને કનડતા તત્વો જોહુકમી દ્વારા પોતાના વિચારને મોટા અવાજે ફેલાવી, સભામાં શાંતિને શિસ્તનો ભંગ થાય એ રીતે વર્તી સુશિક્ષિતને સારા સભ્યોની નારાજગી વહોરી લેતા હોય છે.

દરેક વ્યક્તિની અભિવ્યક્તિ તેના વિચાર, તેનું વર્તન, સ્વભાવ તેનો ગમો-અણગમો અને કાર્યશૈલી અલગ અલગ હોય છે. આવી જુદી જુદી પ્રકૃત્તિના માણસો સાથે પનારો પડે ત્યારે સંઘર્ષ થવો અનિવાર્ય બની જાય છે. મતભેદો હોય, વિચાર ભેદ હોય ત્યાં સુધી વાંધો ન હોવો જોઈએ. પણ સતત આક્ષેપ, કાર્યમાં અવરોધ, બાંયો ચડાવીને બેફામ બોલવાથી એ માણસ સભ્યજનોમાં નીચો ઉતરી જાય છે. સારા અને સમજુ શાસકો ધીર પ્રકૃત્તિ રાખી આવા આડા આવતા અળવીતરા માણસોને પોતાના સ્વભાવને લીધે હદ ઉપરાંત ધૈર્ય રાખી સહન કરી લેતા હોય છે. તેના અગણિત આક્ષેપો, બેફામ આરોપો સહન કરી લઈ ડાહ્યો શાસક વિચારે છે કે અભણ, અજ્ઞાની અને સમાજના વિકાસને આડે આવતા તત્વોની વાતોથી મગજને શાંત નહીં રાખે તો સંઘર્ષ વધીને મહાજંગ થઈ જશે અને આખરે સમાજને નુકસાન થવાનું છે. સમાજ હિતને લીધે શાંત રહી સહન કરનાર મોવડી શ્રેષ્ઠી વાતનું વતેસર ન થાય એ માટે શાંત રહે છે, સંયમ જાળવે છે. એને પણ પ્રતિપક્ષ પોતાની વાત-આક્ષેપ-આરોપ સાચા છે એ પૂરવાર કરવા મથે છે.

સંકુચિત વિચારો અને ટુંકી દ્રષ્ટિ ધરાવતા લોકો સમાજનું અહિત કરે છે. ગમે તે ક્ષેત્રમયાં ટીકા કે વિરોધનો ભોગ થવું પડે છે. કોઈની ટીકા કે નિંદા કરવામાં લોકોને વધુ રસ હોય છે. સમાજના શાસકોની સારી બાજુ જોવા કરતાં તેમની નબળી, વાતમાં રસ વધુ ધરાવી તેની ઉપર સમગ્ર ફોક્સ રાખી પોતાની જબાનને લાઉડ સ્પીકર બનાવી હોબાળો મચાવે છે. પોતે કોઈ કામ કરે નહીં અને બીજાને કામ કરવા ન દેવું એ આવા તત્વોનો સ્વધર્મ હોય છે. સારા અને સૌમ્ય સ્વભાવ ધરાવનાર હર વખતની કટકટથી કંટાળીને પોતાનો પદ ત્યાગી દે છે જે આખરે સમાજને ખોટ પડે છે. જીવનનો વ્યવહાર કુરૂક્ષેત્ર જેવો છે જેમાં આપણા પોતાના સ્વજનો સામે લડવું પડે છે. આમ છતાં સમાજમાં સૌએ સમજવું જોઈએ કે સારા કામ કરનારની આડે ન આવવું એ મોટું અને ઉત્તમ યોગદાન આપવા બરોબર છે.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને રત્નટુંક ટ્રસ્ટનો અહેવાલ

જખૌ ગામવાસીઓનું સંમેલન તા. ૧૯-૧-૨૦૨૦ના ઘાટકોપર ખાતે રવિવારના રોજ સવારના લાયન્સ કમ્યુનીટી હોલ, ઘાટકોપર (વેસ્ટ)માં યોજાયું હતું. પ્રવેશ દ્વારમાં રંગોળી મુકવામાં આવી હતી તથા એક સેલ્ફી કાઉન્ટર પણ ઉભુ કરવામાં આવ્યું હતું. સર્વ જ્ઞાતિજનો, આમંત્રીતોનું તિલક અને સંઘપૂજન સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.



જખૌના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ દિવસ લેખાશે. જેમાં આપણા ગામવાસીઓ, નિયાણી બહેનો, આમંત્રિત મહેમાનો, અતિથી વિશેષ અને મુખ્ય અતિથી પધાર્યા.



પરમકૃપાળુ, જખૌ પ્રેમી, ૧૮-૧૮ વરસીતપ ના આરાધક પ.પૂ. આ.ભ. કવીન્દ્રસાગર સુરીશ્વરજી મ.સા. દ્વારા માંગલિક, આર્શીવચન અને ગામવાસીઓની ઝલકની સૂજબૂજ આપી હતી. મુનિશ્રી કલ્પતરું સાગરજી મ.સા. પ.પૂ સાધ્વીજી મૌનગુણાશ્રીજી ની નિશ્રા અને ૨૩-૨૩ વરસીતપના આરાધક, માઁ સરસ્વતીના વરદાન ધારક એવા નરેન્દ્રભાઈ નંદુનું સૂત્ર સંચાલન એ બધાએ આ કાર્યક્રમ ને સદાય સ્મરણીય બનાવ્યો.



દરેક કમિટી મેમ્બર ડ્રેસ કોડ સાથે લેગો જબ્બો અને સફેદ ટોપી સાથે તેમજ લેડીઝને પાંચ કલરનો ટ્રેડિશનલ દુપ્પટા સાથે પોતાની ફરજ ખુબજ સરસ રીતે એક જુથ મળીને નિભાવી.

સવારના નવકારશી તેમજ બપોરના ભોજનની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી.

મહાજન પ્રમુખ કાંતીલાલ કરમશી વિકમશી, ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી હરિશભાઈ દામજી ધરમશી, ચેરમેન રાયચંદ જીવાણી, મહાજનના માનદમંત્રી જયંતીલાલ દેવશી મૈશેરી, ચાંપશી ડુંગરશી હેફા તેમજ અતિથી વિશેષ પિયુષભાઈ સોમચંદ નાગડા (ગોવા) અને મુખ્ય અતિથી અ.સૌ.મધુરીબેન કિશોર વિકમશીએ દિપ પ્રાગટ્ય કરીને બધા સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કર્યું.





તા.૧-૪-૧૭ થી ૧૯-૧-૨૦૨૦ સુધીના અરિહંત શરણ પામેલા ૬૮ વ્યક્તિઓને જખૌ ગામવાસીઓની ઉભા રહીને શ્રધ્ધાંજલી આપી.

મહાજન પ્રમુખ કાંતીલાલ કરમશી વિકમશીએ પધારેલ સર્વેને આવકાર આપી આર્શીવચન આપ્યા.








# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને રત્નટુંક ટ્રસ્ટનો અહેવાલ






ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી હરિશભાઈ દામજી ધરમશીએ દેરાસરના જીર્ણોધ્ધારની વિગતવાર માહિતી અને વિવિધ સ્કીમોની જાહેરાત કરી હતી.

સૌ પ્રથમ બધા જ ચડાવવાના તિલક કરવાનો લાભ હંસકુમાર શામજી શિયાલ પરિવારએ રૂા.૫૧,૧૫૧માં લીધો હતો.

હરિશભાઈએ ખૂબજ મહેનતથી આખા જીર્ણોધ્ધારના કામનો અહેવાલ એલ.ઈ.ડી. ઉપર સમજણ સાથે સ્લાઈડ બતાવી. જે પુનીત હરિશ ધરમશીએ ખુબજ સુંદર રીતે બનાવી હતી.



વિરલા-તારલાઓનું સન્માન કરવામાં આવ્યું જખૌ ગામના મુંબઈ મહાજન તેમજ અનંતનાથ ટ્રસ્ટના ચુંટાયેલા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું.

૨૩-૨૩ વરસીતપના આરાધક, માઁ સરસ્વતીના વરદાન ધારક એવા નરેન્દ્રભાઈ નંદુની ટીમને સુકાન સોંપવામાં આવ્યું અને જીર્ણોધ્ધારના નૂતનીકરણ ચડાવા બોલવામાં આવ્યા. ખૂબજ સારા પ્રતિસાદ સાથે **અતિથીગૃહના રૂમના ૧૨ દાતા રૂા.૫,૦૦,૦૦૦/-** દાતાશ્રીની નામાવલી (૧) સૌ. કાશ્મીરાબેન કાંતિલાલ વીકમશી (૨) કાયાણી પરિવાર (૩) સૌ. મધુરીબેન કિશોર વીકમસી (૪) મા. રતનબેન પદમશી લોડાયા, નાસિક (૫) અ.સૌ.સ્વ. પ્રેમિલાબેન જયંતીલાલ દેવશી મૈશેરી પરિવાર (૬) મા. દમયંતિનબેન શામજી શિયાલ (૭) સ્વ. હેમલતાબેન વસંત વીકમસી (૮) કેતન તથા પુરબાઈ મણશી બૂકસેલર (૯) પૂર્વા અને સ્મિતા રાયચંદ જીવાણી (૧૦) મા. રતનબાઈ મેઘજી કુંવરજી નાગડા, ડોંડાઈચા (૧૧) શ્રી. લક્ષ્મીચંદ શામજી મૈશેરી (૧૨) મા. જયાબાઈ શીવજી મૈશેરી પરિવાર



**અષ્ટપ્રકારી પૂજા સામગ્રીના સવંત ૨૦૭૭-૭૮ વાર્ષિક ચડાવાના લાભાર્થી પરિવાર**

(૧) **અંગલૂછણા :** રૂા. ૫૧,૧૫૧ મા. દિવ્યાબેન દામજી લોડાયા પરિવાર તથા મા. પુષ્પાબેન પદમશી મોમાયા પરિવાર (૨) **વાસક્ષેપ :** રૂા.૨૫,૫૨૫ મા. રંજનબેન પ્રફુલ શિયાલ તથા મા.અરુણાબેન પ્રતાપ મોતા (૩) **પક્ષાલ :** રૂા.૫૧,૧૫૧ મા. ગંગાબાઈ ઠાકરશી લોડાયા તથા મીનાબેન ભરત લોડાયા (૪) **સુખડ, કેસર સામગ્રી :** રૂા.૭૨,૨૭૨ સૌ. મધુરીબેન કિશોર વીકમશી (૫) **ધૂપ સામગ્રી :** રૂા.૩૬,૬૩૬ સૌ. હિરલ મિથુન જીવાણી (૬) **ફુલ સામગ્રી :** રૂા.૩૩,૩૩૩ લીલા મૈશેરી (૭) **અખંડ દિપક :** રૂા.૪૫,૧૪૫ સૌ. ભાગ્યલક્ષ્મીબેન નીતિન નાગડા (૮) **મોરપીંછ સામગ્રી :** રૂા.૧૩,૧૧૩ લીલા મૈશેરી (૯) **શુદ્ધિકરણ સામગ્રી :** રૂા.૫૧,૧૫૧ શ્રી કિશોર ખીયશી શિયાલ





**જખૌ ૧૭૨ મી ધજાના લાભાર્થી પરિવાર**

(૧) **શ્રી સુવિધિનાથજી જિનાલય :** રૂા.૭૧,૧૭૧ શ્રી હીરાચંદ

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને રત્નટુંક ટ્રસ્ટનો અહેવાલ






અરજણ પટેલ પરિવાર (૨) **શ્રી આદિનાથ જિનાલય :** રૂ.૭૧,૧૭૧ મા. પુષ્પાબેન શિવજી જીવાણી (૩) **શ્રી ચંદ્રાપ્રભુ જિનાલય :** રૂ.૫૧,૧૫૧ મા. લીલાવંતી કેશવજી ધનજી મોતા પરિવાર (૪) **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય :** રૂ.૭૧,૧૭૧ કાયાણી પરિવાર (૫) **શ્રી શાંતિનાથ જિનાલય :** રૂ.૫૧,૧૫૧ મા. ગંગાબાઈ ખેતશી મુરજી શિયાલ અને મા. સોનબાઇ વિસનજી ખીમજી મૈશેરી પરિવાર (૬) **શ્રી ગૌતમસ્વામી દેવકુલિકા :** રૂ.૫૫,૫૫૫ સૌ.કાંતાબેન હંસકુમાર લોડાયા (૭) **શ્રી મહાકાલી માતાજીની દેરી :** રૂ.૭૫,૫૭૫ હંસકુમાર શામજી શિયાલ (શાહ)

**નીચેના ચડાવા જખૌ ખાતે ધજા મહોત્સવ વખતે લેવાશે.**

પરોણાં ભગવાનનું જિનાલય, ચક્રેશ્વરી માતા અને મહાકાલી માતાજી (ગોરજીવાળા)

**બધાને ૧લી જૂન ૨૦૨૦ ના જખૌ ખાતે ઉજવનાર ધજા મહોત્સવમાં પધારવા આગોતરું આમંત્રણ.**

**તા ૧૯-૧-૨૦૨૦ ના જખૌ સંમેલનમાં ભોજનશાળા ફોટો સ્કીમમાં નામ નોંધાવનાર ભાગ્યશાળીઓ (ફાળો રૂ.૧૧,૦૦૦/-)**

(૧) શ્રી પંકજ શામજી લોડાયા (૨) સ્વ. દામજી વેરશી ધરમસી (૩) સ્વ. મુકેશ વીરચંદ મૈશેરી (૪) સ્વ.વાલજી ઉમરશી મૈશેરી (૫) મા. દિમુબાઈ વેલજી કાયાણી (૬) સ્વ.વેલજી ભારમાલ કાયાણી (૭) શ્રી સુરેશ શિવજી લોડાયા (પોલીસ પટેલ-૯૯૯) (૮) અ.સૌ.જયાબેન સુરેશ લોડાયા (પોલીસ પટેલ-૯૯૯) (૯) સ્વ. પ્રેમચંદ વીરચંદ નાગડા (૧૦) સ્વ.સોમચંદ ગોવિંદજી નાગડા (૧૧) સ્વ. કલ્પેશ સોમચંદ નાગડા (૧૨) મા. હિરબાઈ દેવશી વીકમસી (૧૩) મા. જયવંતીબેન કાંતિલાલ ગોવિંદજી નાગડા (૧૪) સ્વ. રમેશ કુંવરજી પરબત ખોના (૧૫) શ્રીમતી હીરામતી લખમશી વિસનજી નાગડા (૧૬) સ્વ.જયાબેન વાલજી મૈશેરી (૧૭) સ્વ.મૂલચંદ માડણ સોની (૧૮) સ્વ.નવીનચંદ્ર માણેકજી રતનશી ખોના (૧૯) સ્વ.મૂલચંદ લાલજી ખોના (૨૦) સરોજબેન દેવશી વીકમશી (૨૧) રતનબેન લખમશી નાગડા (૨૨) સ્વ. મુલજી રતનશી મૈશેરી (૨૩) શ્રીમતી દમયંતીબેન મુલજી મૈશેરી





# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને રત્નટુંક ટ્રસ્ટનો અહેવાલ



**સર્વસાધરણ ફંડના લાભાર્થી પરિવાર રૂા.૧,૨૫,૦૦૦**

(૧) શ્રી શામજીભાઈ ભવાનજી ઝવેરી (૨) સૌ. માલતીબેન હરીશ ધરમશી (૩) મા. લક્ષ્મીબાઈ કુંવરજી શિયાલ (૪) મા. પુષ્પાબેન ધનરાજ મુનવર (૫) મા. રતનબાઈ ઉમરશી જીવાણી (૬) જય જીનેન્દ્ર ગૌતમનિધી ટ્રસ્ટ

**મહાજનશ્રીના સર્વસાધારણ ફંડના લાભાર્થી પરિવાર**

(૧) કાંતીલાલ કે. વિકમશી રૂા.૫૧,૦૦૦ (૨) હંસકુમાર એસ. શિયાલ રૂા.૫૧,૦૦૦ (૩) પ્રતાપ એચ. ધુલ્લા રૂા.૩૧,૦૦૦ (૪) કિશોર કે. વિકમશી રૂા.૨૫,૦૦૦ (૫) હરિશ ડી. ધરમશી રૂા.૨૫,૦૦૦ (૬) રાયચંદ ડી. જીવાણી રૂા.૨૫,૦૦૦ (૭) મધુકાંત પી. ખોના રૂા.૨૫,૦૦૦ (૮) કાયાણી પરિવાર રૂા.૨૫,૦૦૦ (૯) ચંદ્રેશ વી. સોની રૂા.૨૫,૦૦૦ (૧૦) હરીશ લક્ષ્મીચંદ મૈશેરી રૂા.૨૫,૦૦૦ (૧૧) દિનેશ જેઠાભાઈ લોડાયા હસ્તે પંકજ રૂા.૨૧,૦૦૦ (૧૨) લક્ષ્મીબેન કુંવરજી શિયાલ રૂા.૧૫,૦૦૦ (૧૩) જયંતી ડી. મૈશેરી રૂા.૧૧,૦૦૦ (૧૪) ચાંપશી ડી. હેફા ૧૧,૦૦૦ (૧૫) વિપુલ પી. લોડાયા રૂા.૧૧,૦૦૦ (૧૬) દિવ્યાબેન દામજી લોડાયા અને પુષ્પા પદમશી મોમાયા રૂા.૧૧,૦૦૦ (૧૭) ભરત મુલજી મૈશેરી રૂા.૧૧,૦૦૦ (૧૮) જયાબેન ગોવિંદજી મૈશેરી રૂા.૧૧,૦૦૦ (૧૯) ચંદ્રકાંત એસ. નાગડા રૂા.૧૧,૦૦૦ (૨૦) વસંતભાઈ કે. વિકમશી રૂા.૧૧,૦૦૦ (૨૧) મા. પુષ્પાબેન ધનરાજ મુનવર હસ્તે વયેશભાઈ રૂા.૧૧,૦૦૦ (૨૨) લાલજી રતનશી મૈશેરી રૂા.૯,૦૦૦ (૨૩) રમાબાઈ જેઠાલાલ મોમાયા રૂા.૫૦૦૧ (૨૪) ધર્મેન્દ્ર આર. નાગડા રૂા.૫,૦૦૧ (૨૫) અરૂણાબેન લક્ષ્મીચંદ મોમાયા રૂા.૫,૦૦૧ (૨૬) યોગેશ એલ. મુનવર રૂા.૫,૦૦૦ (૨૭) હિરાચંદ એન. શિયાલ રૂા.૫,૦૦૦ (૨૮) મુલચંદ એચ. ધુલ્લા રૂા.૫,૦૦૦ (૨૯) વાલજી નેણશી શિયાલ રૂા.૫,૦૦૦ (૩૦) પ્રમીલાબેન પદમશી ખોના રૂા.૩,૦૦૦ (૩૧) રાજકુમાર આર. નાગડા રૂા.૨,૫૦૧ (૩૨) સરોજબેન મુનવર રૂા.૨,૫૦૦ (૩૩) ગ.સ્વ. મણીબાઈ લક્ષ્મીચંદ ધરમશી રૂા.૨,૫૦૦ (૩૪) જયાબેન શીવજી મૈશેરી રૂા.૨,૧૦૦ (૩૫) કુલીન લાલજી મૈશેરી રૂા.૨,૧૦૦ (૩૬) ચેતન ખીમજી મોમાયા રૂા.૨,૧૦૦ (૩૭) દિપકભાઈ કલ્યાણજી મૈશેરી રૂા.૨,૫૦૦ (૩૮) કમલેશ મુલજી સોની રૂા.૨,૧૦૦.

રૂા.૧૦૦ થી રૂા.૨૦૯૯ સુધી દરેક દાતાઓની પણ ખૂબ ખૂબ અનુમોદના.

**તા. ૧૯-૧-૨૦૨૦ના ઘાટકોપર ખાતે યોજાયેલ જખૌ સંમેલનના ચડાવાઓની ઝલક**

બહુમાન તિલક : રૂા.૫૧,૧૫૧, વિવિધ ધજા : રૂા.૪,૪૬,૯૪૫, અષ્ટપ્રકારી પૂજા સામગ્રી : રૂા.૩,૨૮,૩૨૬, વૈયાવચ (જ્ઞાનપુજન) : રૂા.૬૯૦૦, અતિથિગૃહના ૧૨ રૂમ : રૂા.૬૦,૦૦,૦૦૦, ભોજનશાળા સ્ટોર રૂમ : રૂા.૩,૦૦,૦૦૦, ભોજનશાળા ફર્નિચર : રૂા.૩,૦૦,૦૦૦, ફોટો સ્કીમ : રૂા.૨,૫૩,૦૦૦, સર્વ સાધારણ ફંડ : રૂા.૮,૫૬,૧૫૧, જીર્ણોધ્ધારફંડ : રૂા.૬,૭૭,૫૫૫/-

**નીચેના નામો હજી આદેશ આપવાના બાકી છે**

**અતિથિ, ગૃહ વિન્ગના દાતા :** રૂા.૧૫,૦૦,૦૦૦, **ભોજનખંડ નુતનીકરણ :** રૂા.૨૧,૦૦,૦૦૦, **તપસ્વી ભોજનખંડ નુતનીકરણ :** રૂા.૧૫,૦૦,૦૦૦, **અન્નપૂર્ણા રસોડું નુતનીકરણ :** રૂા.૭,૦૦,૦૦૦.

ચડાવાને સુંદર પ્રતિસાદ આપી સફળ બનાવ્યો તે બદ્દલ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ જખૌ મહાજન અને ટ્રસ્ટના અધિકારીઓ આપનું ખૂબ ખૂબ આભાર માને છે.

આપના અનેરા સહકારથી અને અમારામાં મુકેલ વિશ્વાસથી અમારી જબબદારીઓ ઘણીજ વધી છે અને અમો એ તમારી અપેક્ષા મુજબ પાર પાડવા પ્રયત્નશીલ રહેશું. **લાભાર્થીઓની ભૂરી ભૂરી અનુમોદના.**

ભાગ્યશાળીઓ હજી મોકો છે કાયમી યાદ ઉભી કરવાનો વૉટ્સઅપ અને ફોન દ્વારા જણાવી શકો છો.

**માનદમંત્રી : જયંતીલાલ દેવશી મૈશેરી, ચાંપશી ડુંગરશી હેફા.**

# પ.પૂ.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા. સર્જરી પછી શાતામાં છે



પ.પૂ.રમ્યગુણાશ્રીજી મ.સા.નું બ્રેઈન એન્જોય પ્લાસ્ટની સર્જરી તા.૧૧ જાન્યુઆરી શનિવાર રોજે નિષ્ણાંત ડૉ.ધીરેનભાઈ શાહ, ડૉ.દેવેન ઝવેરી, ડૉ.મિલન જોલપોરાની કુશળ ટીમ દ્વારા સફળતાપૂર્વક કરાઈ.

ઓપરેશન પછી આઈ.સી.યુ.માં રીકવરી માટે શિફ્ટ કરાયા. હાલ પૂ.ગુરૂદેવને આઈ.સી.યુ.માંથી સ્પેશિયલ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. ડોક્ટરોની સલાહ પ્રમાણે તેઓને ખૂબજ આરામની જરૂર છે તેથી કોઈએ પણ હોસ્પિટલમાં આવવાની તસદી લેવી નહીં.

ઉપચાર પૂર્ણ થયા બાદ સ્વસ્થ થતાં હોસ્પિટલમાંથી પૂજા આપવામાં આવશે ત્યારે પૂજ્યશ્રી શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઈ અચલગચ્છ જૈન ઉપાશ્રય નવનીત ભવન, ચંદ્રનગર, પાલડી, અમદાવાદ પધારશે ત્યારે દર્શન વંદનનો લાભ લઈ શકાશે.

પૂજ્યશ્રી ગુરૂદેવ પાલડી, અચલગચ્છ જૈન ઉપાશ્રય પધારશે ત્યારે વોટસઅપ મેસેજથી સૌને જાણ કરવામાં આવશે. એવું અચલગચ્છ જૈન સંઘ અમદાવાદના મંત્રી મુલચંદભાઈ નાનજી મારૂની યાદીમાં જણાવાયું છે. પૂજ્યશ્રી ગુરૂદેવ શીઘ્ર સ્વસ્થ થાય તે માટે સકલ સંઘના સર્વે યથાશક્તિ જાપ કરવા વિનંતી કરાઈ છે.

# તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીમદ ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના ઋણમુક્તિ મહોત્સવ પ્રસંગે વર્ધમાન શક્રસ્તવ અભિષેક

શાસન સમ્રાટ, રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણ સાગર સૂરિશ્વરજી મ.સા.ના પરમકૃપા પાત્ર કચ્છ અને મુંબઈ પ્રદેશના અલગ અલગ ગામ વિસ્તારોમાં સુદીર્ઘ ૫૩-૫૩ વર્ષીતપ આરાધક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.એ પારણા મહોત્સવનો લાભ આપી આપણી ધરાને તેઓના અસીમ આર્શીવાદથી નવપલ્લવિત કરેલ છે.

જીવનમાં માતા-પિતા અને ગુરૂનો ઋણ ક્યારેય પણ ઉતરી ન શકે. પણ યત્કિંચિત ઋણથી મુક્તિ મેળવવાના ઋણમુક્તિ મહોત્સવ અવસરે કચ્છમાં નાના રતડીયા નગરે તા.૨૩ મે ૨૦૨૦ના અભિષેક તથા તા.૨૪મે ૨૦૨૦ના સાજન સારીના આયોજનમાં સૌની હાજરી રહે એ જરૂરી છે. કચ્છના સર્વે જિનાલયોમાં વર્ધમાન શક્રસ્તવ અભિષેક માટેની ટિકીટો સર્વે સંઘો, મહાજનોના ભાઈ બહેનો, ગામાઈઓ, નિયાણીઓ પૂર્વ આયોજન કરી રીઝર્વેશન કરાવી લે.

જવલ્લે થતા આવા અભૂતપૂર્વ પ્રસંગે નિહાળવા, સહભાગી થવા પરિવાર સહ પધારવાનું આમંત્રણ સંઘમાતા દમયંતિબેન મૂળજી રતનશી ગડા-નાના રતડિયા તરફથી ઉમળકાપૂર્વક અપાયું છે.

# કેડીઓ રોટી બેંકનો પ્રજાસત્તાક દિવસથી શુભારંભ

અમદાવાદ કેડીઓના નવયુગ યુથ ફોરમના યુવા-યુવતીઓ દ્વારા છાશ વિતરણ કાર્યની શરૂઆતને ભવ્ય સફળતા મળી એને પગલે પગલે ફરી એકવાર ઉત્તમ સમાજલક્ષી સેવા કાર્યનો શુભારંભ તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૦ રવિવારથી રોટી સેવા કાર્ય દ્વારા કરાશે. દર સપ્તાહે રવિવારના બપોરે આ રોટી સેવા કાર્ય કરવામાં આવશે. કોઈપણ વ્યક્તિ ગરીબીના શ્રાપના કારણે ભૂખ્યો ન સૂવે એ ઉમદા આશય સાથે સાચો માનવ ધર્મ નિભાવવા કેડીઓ યુવા પેઢી સજ્જ થઈ છે. જેને સૌ પોતાનાથી બનતો સહયોગ આપી આ સેવા કાર્યને ભવ્ય સફળતા અપાવે સમગ્ર સેવાકાર્યની વ્યવસ્થા તેજસ લોડાયા, અમન ઉમેશ મૈશેરી, પ્રજ્ઞેશ ગોસર, ગૌરાંગ મૈશેરી સંભાળશે. તેમજ સેવાકાર્યનું સંચાલન રાજેશ ધરમશી, કેતન લોડાયા, મિશાલ લોડાયા, સંદીપ મોતા. વધુ વિગત માહિતી માટે રાજેશ ધરમશી અથવા કેતન લોડાયાનો સંપર્ક કરવો.

# અબડાસાના સુજાપુર તીર્થ મધે શ્રી ભલારાદાદા તથા કુળદેવી સચ્ચાઈ માતાજીના નૂતન દેવાલયમાં પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ





કચ્છ પ્રદેશના ઐતિહાસિક અબડાસા અડભંગની ધીંગી ધરતી એવા અબડાસાના સુજાપુર તીર્થ નગરમાં વંદનીય શ્રી ભલારાદાદા તથા કુળ રક્ષણ દેવી શ્રી સચ્ચાઈ માતાજીનું પ્રાચીન દેવાલય ક્ષતિગ્રસ્ત થતા વિધિ વિધાન મુજબ નૂતન દેવાલયનું નિર્માણ કરાયું છે. જેની શાસ્ત્રોક્ત મુજબ નૂતન દેવાલયમાં દેવોની પુનઃપ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ તા.૨૯ જાન્યુઆરીથી તા.૩૧ જાન્યુઆરી સુધી આયોજિત કરાયો છે. પાવનકારી નિશ્રા પૂ.ભલારાદાદાના ભૂવાશ્રી આદરણીય કિશોરભાઈ જીવરાજ સાંયાની રહેશે.

મહોત્સવના મંગલ કાર્યની રૂપરેખા મુજબ તા.૨૯ જાન્યુઆરી બુધવાર સાંજે દેહશુધ્ધિ તા.૩૦ જાન્યુઆરી ગુરૂવાર રોજ દીપ પ્રાગટ્ય ગણેશ પૂજન, મંડપ પ્રવેશ બપોરે સ્થાપિત દેવોનું આધ્યાહન કુંડ પૂજન, હોમ હવન, મૂર્તિ સ્થાપના પ્રસાદ ધાન નિવાસ, આરતી તથા પ્રસાદ તા.૩૧ જાન્યુઆરી શુક્રવારે સવારે જલયાત્રા શુભમૂહુર્તે દેવતાઓનું પૂજન, સવારે ૧૧.૧૧ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા, કળશ, ધ્વજદંડારોહણ પ્રધાન વેલી, પૂર્ણાહુતિ આરતી થાળ તથા સાંજે પૂજ્ય દાદાશ્રીનો પાઠ.

આ મહોત્સવમાં પધારવાનું આમંત્રણ મંદિરના આયોજકો દ્વારા અપાયું છે. શુભ અવસરે નીચેની સૂચનાનું પાલન કરવાની વિનંતી પણ કરાઈ છે. આવનારે કાળા વસ્ત્રો ધારણ કરવા નહીં, ચામડાની વસ્તુ મંદિરમાં લાવવી નહી. પરિવારની નિયાણીઓ, પરણિત બહેનોએ આ અવસરે પધારવા આમંત્રણ છે. પધારનાર પૂત્રવધૂ અને બહેનોએ ઘરઘોળું (ખોંભાંનો છાયલ) જરૂરથી સાથે લાવવું. પૂજન, આરતી વિગેરે પહોંચી વળવા શ્રધ્ધાળુ ભક્તજનએ યોગ્ય અનુદાન આપી લાભ લઈ પ્રસંગની શોભા વધારે એવી વિનંતી છે.

# શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ વડોદરાના ભૂતપૂર્વ પ્રમુખશ્રીની અનોખી પસ્તીદાન યોજનાના મીઠા ફળ મળ્યા

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન યુવક મંડળ વડોદરાના પ્રમુખ તરીકે વર્ષ ૨૦૦૫માં શ્રી મુકેશ માણેકજી લોડાયાએ પસ્તીદાન યોજના જાહેર કરી કાર્યાન્વિત કરી હતી. વર્ષ ૨૦૧૧ સુધી મંડળના પ્રમુખ તરીકે તેઓ સેવા આપી હતી અને મંડળનું બેંકમાં અલગ ખાતુ ખોલાવી જમા રકમની ફિક્સ ડિપોઝીટ કરાવી હતી. મંડળના નિયમ પ્રમાણે ૪૫ વર્ષની ઉંમર થતા મુકેશભાઈએ રાજીનામું આપતા વર્ષ ૨૦૧૧ થી વર્ષ ૨૦૧૫ સુધી શ્રી વિપેશ લાલજી પનપારીયા પ્રમુખ પદે રહી ઉપરોક્ત પસ્તીદાન યોજના ચાલુ રાખી હતી તથા તેમના હસ્તે પણ બીજી એફ.ડી. કરવામાં આવી હતી.

આમ બન્ને પ્રમુખ સાથે સમાજના બધા જ યુવા કાર્યકરોએ ટીમ વર્કની જેમ ખભેખભા મિલાવી આ ઉત્કૃષ્ટ કાર્યમાં સહભાગી રહ્યાં હતા. આ બન્ને ફિક્સ ડિપોઝીટ તા.૧૬ જાન્યુઆરી ૨૦૨૦ ગુરૂવારના પાકતા સમગ્ર રકમ રૂા.૧૨૬૯૦૨ થયાં. જેમાં પૂર્વ પ્રમુખ મુકેશભાઈ માણેકજી લોડાયાએ રૂા.૯૮ પોતાના તરફથી ઉમેરી કુલ્લ રૂા.એક લાખ સતાવીસ હજાર પૂરા. શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાને બાંધકામ ખાતામાં આધાર સ્તંભ દાતા તરીકે ભેટમાં આપ્યા છે.

આ સમાજલક્ષી ઉત્કૃષ્ટ કાર્યમાં ઉપરોત પસ્તીદાન યોજનાના હામી બન્ને પૂર્વ પ્રમુખો મુકેશભાઈ અને વિપેશભાઈ સાથે મંડળના પૂર્વ સેક્રેટરી ચંદ્રેશભાઈ નાગડા, નરેન્દ્રભાઈ મોમાયા, ખજાનચી રાજેશભાઈ ધુલ્લા, કુણાલ મોમાયા તથા કમલેશ નાગડાનો પણ સહકાર મળેલ છે. ખરેખર સમાજના અભિન્ન અંગતરીકે કાર્ય કરતા યુવક મંડળના બધા જ કાર્યકર્તાઓની આદરપૂર્વક ઝૂકી લો જવાયને એ સૌની ઘણી ઘણી અનુમોદના.

# પ.પૂ.આચાર્ય મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.નો ખાનદેશ પ્રાંતનો વિહાર કાર્યક્રમ



શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ પારોલા તીર્થમાં ૧૦ દિવસ સુધી ‘નવકાર કરે ભવ પાર’ વિષય પર મનનીય પ્રવચન શ્રેણી સંભળાવી આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદયા સાગરસૂરિશ્વરજી મ.સા.આદિ ઠાણા-૩ તા.૨૨ જાન્યુઆરી બુધવારના મહાવીર નગર, તા.૨૩ જાન્યુઆરી ગુરૂવારના આડગાંવ, તા.૨૪ જાન્યુઆરી શુક્રવારના સવારે ૯.૩૦ વાગે ભવ્ય સામૈયા સાથે ચાલીસગામ નગરે તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.ગુણોદય સાગરજી સૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાથી સી.એ.કુ.મોનિકાબેન મહેન્દ્રભાઈ તેરા-રાયપુરને દીક્ષા આપવા માટે પ્રવેશ કર્યો.

તા.૨૬ જાન્યુઆરી રવિવારના શાસન સમ્રાટ ભારત દિવાકાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રીગુણ સાગર સૂરિશ્વરજી મ.સા.ના જન્મતિથિ નિમિત્તે ગુણાનુવાદ વિગેરે થશે. તા.૨૭ જાન્યુઆરી સોમવારના આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી મહોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ના દીક્ષાના ૪૬મા વર્ષમાં તથા આચાર્ય પદવીના ૪થા વર્ષમાં પ્રવેશ થતો હોઈ ચાલીસગામ અચલગચ્છ સંઘ તરફથી વિશેષ કાર્યક્રમ યોજાશે.

તા.૩૦ જાન્યુઆરી ગુરૂવારના વર્ધમાન શક્રસ્તવ અભિષેક તા.૩૧ જાન્યુઆરી શુક્રવારના વર્ષીદાન વરઘોડો-બેઠું વર્ષી દાન, ચારિત્ર વંદનાવલી, વિદાય સમારોહ વિગેરે તથા તા.૧ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવારના સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન દીક્ષા વિધિ થશે. ત્યારબાદ વડી દીક્ષા તથા ઓગોદ વહન નિમિત્તે લગભગ ૪૦ દિવસ સુધી પૂજ્યશ્રીની ચાલીસગામ નગરમાં સ્થિરતા રહેશે.




# ૨ નૂતન દીક્ષિત મુનિવરોની વડી દીક્ષા થઈ









તા.૧૮ જાન્યુઆરી ૨૦૨૦ શનિવાર દિને કચ્છમાં બૌતેર જીનાલય મધ્યે બે નૂતન દીક્ષિત મુનિવરોની વડી દીક્ષા તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા ૯૦ થી વધુ સાધુ સાધ્વીજીઓની નિશ્રામાં થઈ. સુથરી તીર્થે જે મુમુક્ષુની દીક્ષા થયેલ એ મુનિવરનું નામ ગુર્વોદય સાગરજી રાખવામાં આવેલ પણ આજે વડી દીક્ષા દરમ્યાન એમનું નામ પ.પૂ.મુનિરાજ ગોયમોદયસાગરજી રાખવામાં આવેલ.









# શ્રી સમસ્ત મહાજનની કમિટી સભ્યોની મિટીંગ ઘાટકોપર મધ્યે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની કમિટીના સર્વે સભ્યોની એક મિટિંગ તા.૧ ફેબ્રુઆરી શનિવાર બપોરના ૨ કલાકે શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશન કેમ્પ, લક્ષ્મી નિવાસ, કામાલેન, કિરોલ રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬ સ્થળે આયોજિત કરાઈ છે. જેમાં સમસ્ત મહાજન ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેશે. આ મિટિંગમાં શ્રી સમસ્ત મહાજનની કમિટીના સર્વે સભ્યોને સમયસર ઉપસ્થિત રહેવાનું ઈજન સેક્રેટરી જનરલ નીશિથભાઈ દંડ દ્વારા અપાયું છે.

# કેડીઓ યુવા મંચ વડોદરા દ્વારા નેશનલ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાના નેજા હેઠળ યુવા મંચ દ્વારા કેડીઓ જ્ઞાતિના યુવાનો માટે માતુશ્રી દમયંતી રતનશી લોડાયા નેશનલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન આગામી તા.૨૨ અને તા.૨૩ ફેબ્રુઆરી ૨૦૨૦ શનિવાર તથા રવિવારના વડોદરા મુકામે કરવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટના મુખ્ય દાતાનો લાભ માતુશ્રી દમયંતી રતનશી લોડાયા પરિવાર ગામ સાંયરા હાલ ઉજ્જૈન (મ.પ્ર.)એ લીધેલ છે. દરેક ગામના મહાજનોએ પોતાના વિસ્તારના ટેલેન્ટેટ ક્રિકેટરોથી બનેલ ટીમના નામ લખાવવા માટે-૯૩૭૫૧૧૪૪૯૪નો સત્વરે સંપર્ક કરવો.

# અરિહંત કો.ઓપ.બેન્કના ૩૬માં વાર્ષિક દિનની ભવ્ય ઉજવણી




શ્રી અરિહંત કો.ઓપ.બેન્કએ ૩૬ વર્ષ પૂર્ણ કર્યા એ નિમિત્તે તા. ૩જી જાન્યુઆરીએ મુલુંડ (વેસ્ટ) સ્થિત કાલિદાસ સભાગૃહમાં ગીત-સંગીતથી મઢેલી એક સાંજ 'સુહાના સફર'નું આયોજન કરવામાં આવ્યું હતું. બેન્કના સર્વ શેર હોલ્ડર્સ અને ખાતા ધારકોને આ કાર્યક્રમમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું જેને ઉત્તમ પ્રતિસાદ આપી વિશાળ સંખ્યામાં શેર હોલ્ડર્સ અને એકાઉન્ટ હોલ્ડર્સએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે શ્રી અરિહંત કો.ઓપ. બેન્કના ચેરમેન હિરાચંદ દંડએ ઉપસ્થિતોને સંબોધિત કરતાં બેન્કની સધ્ધર પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી અને સર્વ શેર હોલ્ડર્સ અને અકાઉન્ટ હોલ્ડર્સનો તેમણે સતત આપેલા સપોર્ટ બદલ આભાર માન્યો હતો. બેન્કના ડાયરેક્ટર ગુલાબ ડુંગરશી ધરમશીએ આ કાર્યક્રમની સમગ્ર વ્યવસ્થા સંભાળી હતી.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| ૫।  પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કચ્છમધ્યે માનવ સેવાકાર્યમાં અગ્રેસર પ્રબોધ મુનવરને યુગાંતર ૨૦૨૦ એવોર્ડથી સન્માનિત કરાયા



કચ્છ કોઠારાના હાલે વર્ધમાન નગર ભુજના પ્રબોધ મુનવર સમગ્ર કચ્છમાં માનવ સેવા અને જીવદયા કાર્યનું અગ્રનામ છે. માનવજ્યોત ભુજના નેજા હેઠળ તેઓ અનેક કાર્યો દ્વારા સેવા પ્રવૃત્તિઓ કરે છે.

તાજેતરમાં વડોદરા મધ્યે મહારાજા સયાજીરાવ યુનિવર્સીટી ઓફ બોર્ડ દ્વારા નેશનલ યુથ કોન્ફરન્સ ત્રણ દિવસની યોજાઈ હતી. જેમાં પ્રબોધ મુનવરને તેમના વિવિધ સેવાકાર્યોની નોંધ લઈ 'હમ મેઈન યુગાંતર ૨૦૨૦' એવોર્ડથી સન્માનિત કરી પ્રમાણપત્ર અને મોમેન્ટો અપાયા હતા. આ એવોર્ડ માટે દેશભરમાંથી એક હજાર એન્ટ્રી આવી હતી. જેમાંથી ૩૩ જેટલા સેવાકીય અગ્રણીઓને સન્માન માટે ફાઈનલ કરાયા હતા. જેમાં ૧૧મા નંબરે પ્રબોધ મુનવર હતા. આ કોન્ફરન્સમાં દેશની વિવિધ યુનિવર્સીટીઓના સાત સૌ જેટલા વિદ્યાર્થીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને સન્માનિતોની સેવાકીય પ્રવૃત્તિઓને મોકળા મને બિરદાવી હતી.

કાર્યક્રમમાં રાજ્યસભાના સભ્ય ડૉ. વિનય સહસ્ત્ર બુધ્ધે, નેશનલ ઉર્દુ યુનિ.ના પૂર્વ ચાન્સલર જાફર સરેશવાલા, ડૉ.અજય રણકા, કેરાલાના રાજ્યપાલ અરીફ મોહમદ ખાન, ભાજપના નેશનલ જનરલ સેક્રેટરી રામમાધવ, સુપ્રીમ કોર્ટ એડવોકેટ જે. સાંઈ દિપક, શ્રી ગુરૂપ્રકાશ, સુદર્શન રામવર્ધન, વિનય પતરાલે, પ્રો.યોગેશ સિંઘ, પ્રો.રાજેન્દ્ર શુક્લ સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## સી.એ.ફાઈનલ પરીક્ષા ઉર્ત્તીણ સૌ. દર્શના ચિંતન મુનવર



હાલમાં સી.એ.ફાઈનલ પરીક્ષાનું રીઝલ્ટ બહાર પડ્યું એમાં બેલ્લારીના નવલબાઈ સોમચંદ મુનવર પરિવારના પ્રીતિબેન ચેતનભાઈ સોમચંદ મુનવરના પુત્રવધૂ સૌ. દર્શના ચિંતન મુનવર સપનાની પાંખોથી ઊંચી ઉડાન ભરી ઉર્ત્તીણ થઈ સફળતા પ્રાપ્ત કરી છે. માવિત્ર પક્ષે યવતમાલના અમીબેન કેશવજી ધરમશી પરિવાર છે.

# કડકડતી ઠંડીમાં રાહત આપવા મુલુંડ-ભાંડુપ-થાણા વિસ્તારમાં જરૂરિયાતમંદોને માટે ધાબળા વિતરણ

હાલમાં કડકડતી ઠંડીની મોસમ પૂરબહારમાં શરૂ છે. ઠંડા ઠંડા વાયરાને લીધે સાંજ અને રાત પસાર કરવી એ દીનજનો માટે મુશ્કેલી છે. દિવસ તો સૂર્યના તાપમાં આશરો પામી વિતી જાય પણ સખત ઠંડીમાં રસ્તા, ફૂટપાથ પર સૂતેલ વ્યક્તિઓ જો તમોને ક્યાંય દેખાય. જેમની પાસે ઓઢવા માટે કંઈ નથી. ઠંડીમાં ઠૂઠવાઈ રહ્યાં હોય, કંપી રહ્યાં હોય એમને ચાદર તેમજ ધાબળા આપી આવશું અથવા એમને પહોંચાડી આપવા તમને આપશું.

રસ્તા પર ફૂટપાથ પર દુકાનના ઓટલાની આડશે, રેલ્વે બ્રિજ કે સ્કાયવોક પર સચેત રીતે નજર જરૂર રાખજો. જરૂરતમંદ વ્યક્તિ દેખાય તો જરૂર આ સેવકોને યાદ કરજો તે જગ્યાનું લોકેશન મોકલશો અથવા ફોટો લઈને મોકલશો તો સેવા કાર્યકર યુવકો તે જગ્યાએ જઈને તેમને લાગતી મદદ કરી આવશે. જરૂરિયાતવાળા યોગ્ય વ્યક્તિ દેખાય તો જરૂર સંપર્ક કરવાની વિનંતી છે. સંપર્ક વિરચંદ શાહ-૯૫૮૬૦૦૯૦૦, પીયૂષ સોની-૯૫૯૪૮૦૯૧૨૩ તથા ભરત લોડાયા-૯૮૨૧૦૩૮૧૦૯

# અચલગચ્છ શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં અષ્ટપ્રકારી પૂજા સાથે ધર્મ આરાધના









તા.૧૯ જાન્યુઆરી રવિવાર રોજે શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ મુલુંડ સંચાલિત શાઈનીંગ પાઠશાળામાં બાળકો દ્વારા અષ્ટપ્રકારી પૂજા કરી ધર્મ આરાધના કરાઈ. ૩૦ જેટલા બાળકો ઉત્સાહપૂર્વક હોંશે હોંશ પૂજાનો લહાવો લીધો હતો. પાઠશાળાની પ્રશિક્ષિકા બહેનો નિધિબેન, મીરાબેન, બેનાબેન અને પ્રજ્ઞાબેન ખૂબ સરસ રીતે બાળકોને પૂજા દ્વારા ધર્મ આરાધના કરાવી હતી.


**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વોટસએપ પર મોકલો**

**9322257731**

**VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY**

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait

Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52 Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

# Mumbai KDO Cricketer Take Opportunity To Play MID-DAY T-10 Tournament

For Midday Cricket Tournament

Your Final Selection

Come on

on

2nd Feb. 2020

Time : 7.30 am onward

R.R. Edu. School

Mahada Colony,

Off. E.E.Highway, Mulund (East).

KDO




Overum Season Cricket Tournament

If You Are Interested For Playing Please sent your details on

jayantvchheda@gmail.com

and For More details contact on

**9322257731 • 9821073830 • 9320603360**




insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO